# Day to Day Current Affairs

**21 March-2015**

૧) *મૈલકમ ફ્રેજર :* ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન મૈલકમ ફ્રેજરનું84 વર્ષની વયે અવસાન. ફ્રેજર 1975થી 1983 સુધી ત્રણ વાર ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન રહ્યાં હતાં

૨) ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૧૫ : પાકિસ્તાન- ઓસ્ટ્રેલિયા ક્વાટર ફાઇનલ મેચમાં પાકિસ્તાનની હાર સાથે કેપ્ટન મિસબાહ-ઉલ-હક અને શાહિદ આફ્રિદીએ વન-ડે માં નિવૃતી જાહેર કરી

3) વેંકટ રામન રામક્રિષ્નન : લંડનમાં આવેલી 355 વર્ષ જુની રોયલ સોસાયટીના અધ્યક્ષ તરીકે ભારતીયમૂળના વિજ્ઞાની સર વેંકટરામન રામક્રિષ્નનની પસંદગી થઇ છે તેઓ ડિસેમ્બર મહિનાથી પદભાર સંભાળશેભારતમાં જન્મેલા અને અમેરીકા-બ્રિટનમાં કામ કરતાં રામક્રિષ્નનને વર્ષ 2009માં કેમેસ્ટ્રીનું નોબેલ પારિતોષિક મળ્યું હતું નોબેલ પારિતોષિક મળ્યા પછી ભારત સરકારે વર્ષ 2010માં પદ્મવિભુષણ અને 2012માં બ્રિટન નાઇટહુડનો ખિતાબ આપ્યો હતો. અભ્યાસ : વડોદરાની સિયાજીરાવ યુનિવર્સિટીરોયલ સોસાયટી : રોલય સોસાયટી વિજ્ઞાન જગતનું રજવાડું ગણાય છે. 1660માં સ્થાપાયેલી આ સંસ્થા અત્યારે પણ હયાત હોય એવી સૌથી જુની વિજ્ઞાન સંસ્થા છે સોસાયટીની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં 60 વિજ્ઞાનીઓ તેના પ્રમુખ રહી ચુક્યા છે વેંકી 61માં પ્રમુખ બનશે રોયલ સોસાયટી જેમને ફ્લોશિપ આપે તેઓ પોતાને નામ સાથે એફઆરએસ (ફેલો ઓફ રોયલ સોસાયટી ) એવુ લખી શકે છે. હાલ સોસાયટીના ફેલોની સંખ્યા 1450 છે. અને વર્ષે 52 નવા સભ્યોને ફ્લોશિપ મળે છે.

૪) ઇરાની ટ્રોફી : ક્રિકેટ – કર્ણાટક ઇરાની ટ્રોફીમાં સતત બીજી વાર ચેમ્પિયન બન્યું. હરીફ : રેસ્ટ ઓફ ઇન્ડિયા વિજય હજારે ટ્રોફી અને રણજી ટ્રોફી જીતનાર કર્ણાટકની ટીમ ઇરાની ટ્રોફીમાં પણ ચેમ્પિયન બન્યું.

૫) વાત્સલ્ય યોજના : મુખ્યમંત્રીઅમૃતમમાં યોજનાની સફળતા પછી ગત વર્ષે 1.20 લાખની વાર્ષિક આવકવાળા મધ્યમવર્ગિય કુટુંબોમાં મહિલા અને 21 વર્ષ સુધીના બાળકો માટે લોન્ચ કરાયેલી મા-વાત્સલ્ય યોજનામાં હવે પરિવારના તમામ સભ્યોને આવરી લેવાની જાહેરાત વિધાનસભામાં આરોગ્યમંત્રી નીતિનભાઇ પટેલે કરી હતી આવા તમામ પરિવારોને વર્ષ દહાડે રૂ 2 લાખની મર્યાદામાં કેશલેશ સારવાર ઉપલબ્ધ થશે. તેના માટે બજેટમાં રૂ.120 કરોડની જોગવાઇ કરી છે.

www.vivekanandacademy.org